રૂપાલ ગામમાં દીપડાએ વાછરડીનું મારણ કરતા લોકોમાં ભયનો માહોલ...

દીપડાના આતંકથી ગ્રામ્ય વિસ્તારમાં પાલતુ પશુઓના મારણના બનાવો વધ્યા... : રૂપાલ, સઢા, મૂછનીપાળ, હાથરોલ, વગડી ગામોમાં દિપડો વિચરણ કરતો હોવાનું લોકોએ જણાવ્યું...

ગાંભોઈ, તા.૨૬

હિંમતનગર તાલુકાના રૂપાલ, સઢા, મૂછનીપાળ, હાથરોલ, વગડી વગેરે ગ્રામ્ય વિસ્તારમાં અવારનવાર દીપડાએ પશુઓના મારણ કર્યાના

બનાવો અગાઉ બન્યા છે ત્યારે બુધવારની વહેલી સવારે રૂપાલ ગામે ફરી એકવાર ખેડૂતના ખેતરના વરંડામાં બાંધેલ વાછરડીનું દીપડાએ મારણ કરતા ગ્રામજનોમાં ભયનો માહોલ છવાયો છે.

આ અંગે રૂપાલ ગામના ખેડૂત હિતેશભાઈ ગોવિંદભાઈ વણકરે જણાવ્યું કે બુધવારની વહેલી સવારે ચાર વાગ્યાના સમયે મારા રૂપાલ ગામના સીમાડામાં બળીયા બાવજી મંદિર વિસ્તારની પાસે આવેલ ખેતરમાં ઝાડ નીચે બાંધેલા ગાય અને વાછરડી પૈકી બે વર્ષની વાછરડીને દીપડાએ મારણ કરી પાસેના જંગલ વિસ્તારમાં ભાગી ગયો હતો. વહેલી સવારે ખેતરમાં ખેતી કામે જતા આ ઘટનાની જાણ થઈ હતી. સ્થળ પરથી દીપડાના પગના નિશાન જોવા મળ્યા હતા. આ બનાવ અંગે ખેડૂતે રાયગઢ વન વિભાગને જાણ કરતા બીટગાર્ડ વિરેન્દ્રસિંહ ઝાલા તેમજ રાઉન્ડ ફોરેસ્ટર એ.આર.બારોટ ઘટના સ્થળે આવી તપાસ હાથ ધરી હતી. જો વનવિભાગ દ્વારા પાંજરું મૂકી મારણ મૂકવામાં આવે તો આ હિંસક પ્રાણી દીપડાને ઝડપી શકાય એમ ગ્રામ્ય જનતા જણાવી રહી છે.

વિદ્યુત સહાયક ભરતી કૌભાંડનું ભૂત ફરી પૂછ્યું

હિંમતનગર-ઈડર જી.ઈ.બી. સબ ડીવીઝનમાંથી સુરત ક્રાઈમ બ્રાન્ચે ૮ કર્મચારીઓને ઉઠાવ્યા

કેટલાક અધિકારીઓએ વિગતો આપવાનો ઈન્કાર કર્યો

બાયડ, તા.૨૬

ગુજરાત રાજ્યની જુદી જુદી કંપનીમાં વિદ્યુત સહાયકની ભરતીમાં ઉમેદવારોને પાસ કરાવવાનો કૌભાંડનો સુરત ક્રાઈમ બ્રાન્ચે પર્દાફાશ કર્યા પછી ૩૦૦થી વધુ ઉમેદવારોને પાસ કરાવવાના કૌભાંડમાં સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર અને ઈડર ડીવીઝનમાં ફરજ બજાવતી ૪ મહિલા કર્મચારીઓ સહિત ૮ જણને સુરત ક્રાઈમ બ્રાન્ચ તપાસ માટે ઉઠાવી જતાં હવે આગામી દિવસોમાં અનેક વચેટીયાઓ પણ જેલના સળીયા પાછળ ધકેલાઈ શકે છે. હિંમતનગર સબડીવીઝનના એક્ઝીક્યુટીવ ઈજનેરે આ મુદ્દે કંઈપણ કહેવાનો ઈકાર કર્યો છે. પ્રાપ્ત જાણકારી અનુસાર ઉત્તર ગુજરાત વિજ કંપની સહિત રાજયની અન્ય વિજ કંપનીઓમાં વર્ષ-૨૦૨૦-૨૧માં વિદ્યુત સહાયકની ભરતીની ઓનલાઈન પરીક્ષામાં ગેરરીતી આચરી ઉમેદવારોને પાસ કરાવવાના કૌભાંડમાં મુખ્ય આરોપીઓને ઝડપ્યા પછી તપાસનો રેલો સાબરકાંઠા જિલ્લા સુધી પહોંચ્યો છે અને અહીંયાંથી પણ પોલીસે તેમાં સંડોવાયેલા એજન્ટો અને ઉમેદવારોને ઉઠાવ્યા પછી તેઓ હાલ જેલની હવા ખાઈ રહ્યા છે ત્યાં જિલ્લાના વધુ ૪૪ જેટલા એજન્ટો-ઉમેદવારોના નામો પણ બહાર આવતાં સુરત પોલીસે છેલ્લા ૨-૩ દિવસથી જિલ્લામાં તપાસનો દોર

આરંભ્યાનું જાણવા મળ્યું છે. જો કે આ મુદ્દે કોઈ ઠોસ જાણકારી બહાર આવી નથી પરંતુ સુરતથી તપાસ માટે આવેલી ટીમે હિંમતનગર, ઈડર યુ.જી.વી.સી.એલ.ની સબડીવીઝનલ કચેરીમાં પહોંચી જવાબદાર અધિકારીઓ સાથે લંબાણપૂર્વક મસલતો કરી કેટલીક વિગતો મેળવી હતી અને શંકાસ્પદ ભરતીઓ જણાઈ આવી છે તેવા કર્મચારીઓના કેટલાક દસ્તાવેજો મેળવ્યા પછી તપાસ માટે ૮ કર્મચારીઓને લઈ ગયાનું બહાર આવતાં સમગ્ર જિલ્લામાં સનસનાટી મચી ગઈ છે. ભરચોમાસે ઉર્જા વિભાગમાં તણખા ઝરતાં તેમાં કેટલા લોકોને આફટર શોક લાગશે તેના ઉપર મીટ મંડાઈ છે. આ અગાઉ ભરતી કૌભાંડમાં એજન્ટની ભૂમિકા ભજવનાર ઈલોલના શિક્ષક સલીમ ઢાપા ત્યારબાદ તલોદ તાલુકાના રણાસણના મનોજ મંગળભાઈ મકવાણા અને ઈડર તાલુકાના દિયોલીના નિકુંજ કુબેરભાઈ પરમારની અગાઉધરપકડ કરેલી છે. લગભગ ૨ મહિના પછી ફરી એકવાર વિદ્યુત સહાયક ભરતી કૌભાંડમાં નવી તપાસ અને પૂછપરછનો દોર શરુ થતાં સમગ્ર કૌભાંડમાં પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સંડોવાયેલા અનેક લોકોની ઉંઘ હરામ થવાની સાથે દલાલો મારફતે નોકરી મેળવી છે તેવા કેટલાક ઉમેદવારો રજા પર ઉતરી ગયાની પણ આશંકા છે. જો કે તંત્રએ છેલ્લા ૨ દિવસ દરમ્યાન કેટલા કર્મચારીઓ રજા પર છે તે બાબતે જાણકારી ન હોવાનો લૂલો બચાવ કર્યો છે.

હું આવી જાણકારી ન આપી શકુ - સર્કલ એક્ઝીક્યુટીવ

હિંમતનગર સર્કલ એક્ઝીક્યુટીવ એચ.બી.ગાંધીનો સંપર્ક કરતાં તેઓએ જણાવ્યું કે સુરતથી તપાસ માટે પોલીસની ટીમ આવી હતી પરંતુ તે કેમ આવ્યા હતા, શું વિગતો મેળવી તે અંગે હું કંઈપણ જાણકારી ન આપી શકું તેમ જણાવ્યું હતું.

તપાસ માટે કોને ઉઠાવ્યા

નિમાબેન પ્રકાશભાઈ પટેલ, હિંમતનગર
જલ્પાબેન બિપીનચંદ્ર પટેલ, હિંમતનગર
રોહિતકુમાર મૂળજીભાઈ મકવાણા, હિંમતનગર
મનિષકુમાર ધનજીભાઈ પારધી, મહેતાપુરા, હિંમતનગર
પ્રકાશકુમાર મગનભાઈ વણકર, જાદર, તા.ઈડર
અલ્તાફઉંમર ફારુકભાઈ લોઢા, ઈડર
ઉપાસનાબેન ખાનાભાઈ સૂતરીયા, ઈડર
નિલમબેન નારાયણદાસ પરમાર, ઈડર

તપાસ માટે ૮ જણને લઈ જવાયા – એલ.સી.બી., પી.આઈ.

સાબરકાંઠા એલ.સી.બી. પી.આઈ., પી.જી.રાઠાડે જણાવ્યું કે ઉર્જા વિભાગના ભરતી કૌભાંડ સંદર્ભે સુરત ક્રાઈમ બ્રાન્ચે જિલ્લામાંથી ૮ જણને તપાસ માટે લઈ ગયા છે અને આ અંગે ક્રાઈમ બ્રાન્ચનું ધ્યાન દોરવામાં આવ્યું છે.

પેપર લીક કરનારા સહિત વચેટીયા હોવાની આશંકા

સૂત્રો પાસેથી મળેલી જાણકારી અનુસાર ૩ મહિના પછી ફરીથી ઉર્જા વિભાગમાં ભરતીનું ભૂત ધૂણ્યું છે અને ધરપકડ કરાયેલાઓમાં જૂનિયર આસીસ્ટન્ટની પરીક્ષાના પેપર લીક કરનારા સહિત વચેટીયા હોવાની આશંકા છે. કારણ કે ઉત્તર ગુજરાત વિજ કંપનીના કર્મચારીઓ પોતાના તાબાની કચેરીમાંથી કોઈને લઈ ગયા છે કે કેમ તે મુદ્દે કંઈપણ કહેવા તૈયાર નથી.

સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડ દ્વારા ધનસુરા ખાતે સ્વામી વિવેકાનંદ વન વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

ધનસુરા,તા. ૨૬

સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડ દ્વારા સ્વામી વિવેકાનંદ વન માટેનો વૃક્ષારોપણ કાર્યક્રમ ધનસુરા તાલુકાના દેવીયા મહાદેવ મંદિર ખાતે યોજાયો અને અમૃત સરોવર તળાવ ખાતે

આ કાર્યક્રમ માં સાબર ડેરી ડિરેક્ટર કાંતિકાકા,તાલુકા સંગઠન મહામંત્રી નરેન્દ્રભાઈ, તાલુકા સદસ્ય હસમુખ ભાઈ , મંદિર ટ્રસ્ટી શ્રી દિનેશભાઈ , અરવલ્લી યુવા મોરચા મહામંત્રી અવધેશભાઇ, નિવૃત આર્મી મેન સંજયભાઈ, આર્મી મેન શૈલેષભાઈ, અતિતભાઈ, સામાજિક કાર્યકર મયુરભાઈ,

ધનસુરા તાલુકાના ગુજરાત રાજ્ય યુવા બોર્ડ ના સંયોજક હિમાંશુભાઇ અને દીક્ષેનભાઈ અને બીજા સાથી મિત્રો, યુવા કેંદ્ર ના સભ્યો ઉપસ્થિત રહ્યાં હતા વૃક્ષારોપણ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો

ડીસામાં મોહરમના તહેવારને લઈ શાંતિ સમિતિની બેઠક મળી

ડીસા, તા. ૨૬

મુસ્લિમ સમુદાયના મુખ્ય તહેવારોમાંનો એક મોહરમ તહેવાર છે. ઈતિહાસમાં જણાવ્યા મુજબ મોહરમ મહિનાની ૧૦ તારીખે પયગંબર હઝરત મોહમ્મદના પૌત્ર હઝરત ઈમામ હુસૈન કરબલાના યુદ્ધમાં શહીદ થયા હતા. તેમણે ઈસ્લામના રક્ષણ માટે પોતાનું બલિદાન આપ્યું. આ યુદ્ધમાં તેમની સાથે તેમના ૭૨ સાથીઓ પણ શહીદ થયા હતા. મોહરમના દિવસે ઈસ્લામ ધર્મના શિયા સમાજના લોકો તાજીયા કાઢીને શોક મનાવે છે ત્યારે ડીસામાં પણ આ તહેવાર શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે ડીસા શહેર દક્ષિણ પોલીસ મથકે શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં હિન્દુ સંગઠનો અને મુસ્લિમ સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

ડીસા શહેર દક્ષિણ પોલીસ મથકના પીઆઈ શક્તિસિંહ ગોહિલે મોહરમ દરમિયાન કોઈપણ પ્રકારના હથિયારનો ઉપયોગ ન કરવા માટે મૌખિક સૂચના આપી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, મોહરમ તહેવારને લઈ શહેર દક્ષિણ પોલીસ મથકે શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં હિન્દુ અને મુસ્લિમ સમાજના સંગઠનો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. મોહરમ તહેવારને લઈ પોલીસ સહિત તંત્ર પણ સજ્જ છે અને તહેવાર શાંતિપૂર્ણ માહોલમાં ઉજવે તે માટે પોલીસે

આગેવાનોને અપીલ કરી હતી અને આગેવાનોએ પણ તહેવારને શાંતિપૂર્ણ ઉજવવાની ખાતરી આપી હતી.

આર્થિક સંકળામણ કે પછી અન્ય કોઈ કારણ ? આત્મહત્યાનું રહસ્ય ગૂંચાયું

બાયડમાં પ્રેમલગ્ન કરીને રહેતા દંપતિએ ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

બાયડના ડીપ વિસ્તારમાં પરોઢે ઝાડ ઉપર લટકેલી હાલતમાં મૃતદેહ મળ્યા

બાયડ, તા.૨૬

બાયડના અયોધ્યાનગર

વિસ્તારમાં પ્રેમલગ્ન કરીને રહેતા લુહાર દંપતિએ તેમના નિવાસસ્થાનથી દોઢ કિ.મી. દૂર ડીપ વિસ્તારમાં ઝાડ ઉપર લટકી આત્મહત્યા કરી લેતાં સનસનાટી મચી ગઈ છે. આત્મહત્યા પાછળનું કારણ આર્થિક સંકળામણ છે કે પછી અન્ય કોઈ ?? ઘટના સ્થળે પહોંચેલ બાયડ પોલીસે આત્મહત્યાનું કારણ શોધવા પ્રયાસ શરુ કર્યા છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર કપડવંજ તાલુકાના વડાલી ગામના અર્જુન મનુભાઈ લુહારે દોઢ વર્ષ અગાઉ ઉમરેઠની કોમલ નામની યુવતી સાથે પ્રેમલગ્ન કરી બાયડના ગાબટ રોડ ઉપર આવેલા અયોધ્યાનગર વિસ્તારમાં સાંસારીક જીવનની શરુઆત કરી હતી. છૂટક મજૂરી કરી લુહાર દંપતિ ઘરનું ગુજરાન ચલાવતા હતા પરંતુ પ્રેમલગ્ન કરનાર દંપત્તિ વચ્ચે એવું તે શું બન્યું કે બંન્નેએ એક સાથે બાયડ-ડેમાઈ રોડ ઉપર આવેલા ડીપ પાસેના ઝાડ ઉપર લટકતા મૃતદેહ મંગળવાર સવારે જોવા મળ્યા. કોઈ યુવક-યુવતીના મૃતદેહ ઝાડ ઉપર લટકી રહ્યાની જાણકારી સામે આવતાં મોટાં લોકટોળાં એકત્ર થયાં અને બાયડ પોલીસને જાણ કરાતાં પી.એસ.આઈ., એસ.કે.દેસાઈ સહિત પોલીસ સ્ટાફ ઘટના સ્થળે દોડી આવ્યા હતા તેમજ આત્મહત્યા કરનારની ઓળખ મેળવી તેમના વાલીવારસોને જાણ કરવામાં આવી છે. બનાવ સંદર્ભે બાયડ પોલીસે એડી નોંધી તપાસ હાથ ધરી છે.

લોકવાયકા – રાત્રે દંપત્તિ વચ્ચે ઝઘડો થયો અને સવારે લટકતા મૃતદેહ મળ્યા

લોકવાયકા એવી છે કે પ્રેમલગ્ન કરનાર લુહાર દંપત્તિ વચ્ચે બનાવની પૂર્વ સંધ્યાએ રાત્રે ઝઘડો થયો હતો અને સવારે તેમના બંન્નેના એક સાથે લટકતા મૃતદેહ મળી આવતાં અત્યારે તો તરેહ તરેહની ચર્ચાઓએ જોર પકડ્યું છે. પ્રેમલગ્નમાં કરુણ અંજામ આવતા હોય છે તેવું પણ આ કેસમાં પ્રથમ દર્શિય દેખાઈ રહ્યું છે.

મણિપુર ઘટનાનાને પગલે સીઆઈટીયુ અને કિસાન સભાએ જીલ્લા કલેકટરને આવેદનપત્ર આપ્યું

મોડાસા, તા. ૨૬

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા ખાતે સીઆઈટીયુ અને કિસાન સભા ના સંયુક્ત ઉપક્રમે મણીપુરની ઘટનાઓના વિરોધમાં રાષ્ટ્રપતિને સંબોધીને કલેકટર મારફતે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. મોડાસા ચાર રસ્તા પર લાલ વાવટાના અગ્રણીઓ અને કાર્યકર્તાઓએ પોલીસ ચોકીની સામે દેખાવો યોજવામાં આવ્યા હતા અને માંગ કરવામાં આવી હતી કે મણીપુરના આરોપીઓને તાત્કાલિક પકડી પાડવામાં આવે તેમને સખત સજા કરવામાં આવે અને મણીપુરના આદિવાસીઓના જાનમાલનું રક્ષણ કરવામાં આવે અને તેમને રક્ષણ પૂરું પાડવામાં આવે અને

જાતિવાદિત તોફાનો અને ડામી દેવામાં આવે અને તે માટે નરેન્દ્ર મોદીની કેન્દ્રની સરકાર અને મણીપુરની રાજ્ય સરકાર જે ભાજપા ની છે તે આ ઘટનાઓ બાબતે ચૂપ છે તે એમના માટે શરમજનક છે તેવું કિસાન સભા ના પ્રમુખ ભલાભાઇ ખાંટ અને સીઆઈટીઓના મહામંત્રી આજે કહ્યું હતું અને આજના કાર્યક્રમમાં કિસાન સભા અને સીઆઈટીઓના કાર્યકર્તાઓ છગનભાઈ ભગોરા સાજાભાઈ ડામોર દિલીપભાઈ ભરાડા રાકેશ તળાવ મસુરભાઈ પાંડોર વગેરે હાજર રહ્યા હતા

આદર્શ વિદ્યાલય કોટડા ખાતે ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓની વાલી મીટીંગ યોજાઈ

આદર્શ વિદ્યાલય કોટડામાં ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓની વાલી મીટીંગ રાખી હતી. તેમાં શાળાના આચાર્ય તથા ધોરણ ૧૦ અને ૧૨ ના વર્ગ શિક્ષક મિત્રોએ હાજરી આપી. શાળામાં વિદ્યાર્થીઓની કારકિર્દીના ઘડતરમાં પાયારૂપ શિક્ષણને લગતી બાબતમાં વાલી મીટીંગ રાખેલ હતી.આ મીટીંગનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓના અભ્યાસ ઉપર દેખરેખ રાખવાનો હતો વાલીઓની ૫૦ ટકા કરતાં પણ વધારે સંખ્યા હાજર રહી હતી શાળાના આચાર્યએ ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષાની તૈયારી કેવી રીતે કરાવવી ? તે વિશે વિદ્યાર્થી -વાલીઓને વાકેફ કર્યા હતા અને ધોરણ ૧૦ ૧૨ ના વર્ગ શિક્ષક મિત્રોએ વિદ્યાર્થીને ઘરે કેવી રીતે અભ્યાસ કરાવવું વંચાવવું ગૃહ કાર્ય કરાવો વગેરેનું સૂચન કર્યું હતું. આવનાર તમામ વાલીઓને આ મીટીંગ રાખવાથી ઘણો સંતોષ થયો .સેન્ટરના સીઆરસી સુરેશભાઈ ચૌધરીએ પણ હાજર રહી વાલીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

ફોર્મ ભરવાના માત્ર ૧ દિવસ બાકી છતાં સી.પી.એસ. મુદ્દે અસમંજસ

ઉત્તર ગુજરાતના હજારો વિદ્યાર્થી-વાલીઓ મેડીકલ કોર્સની માન્યતા મુદ્દે સ્પષ્ટતાની માંગ કરી

બાયડ (બ્યુરો ઓફીસ) તા.૨૬

એમ.બી.બી.એસ. પછીના વિવિધ સી.પી.એસ. મેડીકલ કોર્સમાં પ્રવેશ મેળવવા માટે ફોર્મ ભરવાના માત્ર ૧ દિવસ બાકી છે છતાં સી.પી.એસ. મુદ્દે વિદ્યાર્થી-વાલીઓને સમજણ પડે તેવી કોસ સ્પષ્ટતા ન થતાં ઉત્તર ગુજરાતના હજારો વિદ્યાર્થી-વાલીઓ અસમંજસમાં આવી ગયા છે. મેડીકલ કાઉન્સિલે પણ આ અંગે તાબડતોબ સ્પષ્ટતા કરવી જોઈએ તેવો જનમત પ્રવર્તિ રહ્યો છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર તાજેતરમાં મહારાષ્ટ્ર રાજયમાં તમામ કોર્સની માન્યતા રદ કરી પરંતુ ગુજરાતમાં ચાલતા સી.પી.એસ. મેડીકલ કોર્સની માન્યતા અંગે કોઈ ખૂલીને સ્પષ્ટતા થઈ નથી જેના કારણે સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લાના મેડીકલ છાત્રો કે જે એમ.બી.બી.એસ. પછીના વિવિધ સી.પી.એસ. મેડીકલ ડિપ્લોમા કોર્સિસ તેમજ ફેલોશિપ કોર્સિસ ચાલી રહ્યા છે તેમાં સ્પષ્ટતાના અભાવે ફોર્મ ભરવાના માત્ર ૧ દિવસ બાકી હોવાના કારણે મૂંઝવણમાં મૂકાયા છે. કેટલાક છાત્રોએ જણાવ્યું કે સી.પી.એસ. મેડીકલ કોર્સમાં પ્રવેશ માટે જ્યારે ચોઈસ આપવાની થાય ત્યારે રુ ૨ લાખની ફી જમા કરાવવાની હોય છે અને તેમાં નંબર લાગે તો એડમીશન લેવું પડે અન્યથા ફી જતી કરવી પડે છે. ત્યારે ગુજરાતમાં ચાલતા સી.પી.એસ. મેડીકલ કોર્સ અંગે હવે પ્રવેશ ફોર્મના આડે માત્ર ૧ દિવસ બાકી છે છતાં કોઈ સ્પષ્ટતા કરાઈ નથી જેથી આ મુદ્દે કેન્દ્ર સરકારે પણ ગુજરાત સરકારને સત્વરે સ્પષ્ટતા માટે જરુરી ગાઈડલાઈન આપવી રહી અન્યથા ઉત્તર ગુજરાતના એમ.બી.બી.એસ. થયેલા છાત્રો સ્પષ્ટતાના અભાવે સી.પી.એસ. મેડીકલ કોર્સમાં પ્રવેશથી વંચિત રહી જાય તેવી દહેશત ઉભી થઈ છે.

મેઘરજ કસાણા ટ્રસ્ટની હોસ્પિટલમાં 'આવો ગાવ ચલે' હેઠળ IMAનો રોગ નિદાન કેમ્પ યોજાયો

૩૦૦ દર્દીઓએ લાભ લીધો

મોડાસા, તા. ૨૬

અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકાના કસાણા ગામમાં આવેલ સર દોરાબજી તાતા ટ્રસ્ટ હોસ્પિટલમાં રવિવારે 'આવો ગાવ ચલે' હેઠળ IMA દિલ્હી અને ગુજરાત રાજ્ય શાખા GSBના માર્ગદર્શન નીચે

મોડાસા IMA દ્વારા નિઃશુલ્ક રોગ નિદાન કેમ્પ યોજાયો હતો. જેમાં ૩૦૦થી વધુ દર્દીઓએ આ કેમ્પનો લાભ લીધો હતો આ કેમ્પમાં IMA મોડાસાની તમામ શાખાના તબીબોએ સેવા આપી હતી. આ અંગે IMA મોડાસાના પ્રમુખ ડૉ.કેતન સુથાર અને સેક્રેટરી ચિરાગ દરજીએ જણાવ્યું હતું કે, કસાણા ગામે યોજાયેલા રોગ નિદાન કેમ્પમાં IMA મોડાસા શાખાના ફીજીશીયન, સર્જન, ગાયનેક, પીડિયાટ્રિશિયન, ઈએનટી સર્જન, ઓર્થોપેડિક સર્જન, ડર્મેટોલોજિસ્ટ, યુરોલોજીસ્ટ અને સાઈકિયાટ્રીક તેમજ જનરલ ફીજીશીયન અને

ઓપ્થેલ્મોજીસ્ટ સહિતના તબીબીઓ ૩૦૦ થી વધુ દર્દીઓને નિઃશુલ્ક નિદાન કરી માર્ગદર્શન આપ્યું હતું તેમજ વધુ સારવારની જરૂર પડે તો તેમની હોસ્પિટલમાં સારવાર માટે બાંહેધરી આપી હતી ઈન્ડીયન મેડિકલ એસોસિએશન દ્વારા દત્તક લેવામાં આવેલ કસાણા ગામમાં દર મહિને મફત નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવશે તેમ જણાવ્યું હતું

પ્રાંતિજ ખાતે ખેતરોમાં ગાયો દ્વારા ભેરાણને લઈને મામલતદાર કચેરીએ આવેદનપત્ર આપી રજૂઆત

પ્રાંતિજ તા.૨૬

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ સહિત તાલુકાના ખેડૂતો દ્વારા ખેતરો મા ઉભા પાકમા ગાયોના ટોળાઓ દ્વારા ભેરાણ કરવાને લઈને પ્રાંતિજ મામલતદાર કચેરી ખાતે આવેલ પત્ર આપ્યુ હતુ. પ્રાંતિજ ખાતે પ્રાંતિજ સહિત તાલુકાના ખેડૂતો દ્વારા ખેતરો મા ઉભા પાક મા ગાયોના ટોળાઓ દ્વારા રાત્રી દરમ્યાન ખેતરોમા ધુસીને ઉભા પાક મા કરવામા આવતુ ભેરાણ ને લઈ ને રાત્રીના ઉજાગરા કરવાનો વારો આવ્યો છે અને ગાયોના એટલા બધા ટોળાઓ હોયછે કે ખેડૂતો આ છેડેથી પેલા છેડે રાત્રીના જોઈ ના શકતા હોય ના રાત્રીના સમયે ખેતરોમા ગાયો ના ટોળાઓ ધુસીજતા અવરનવર ભેરાણ કરવાને લઈ ને તથા ખેતરો મા તૈયાર થયેલ પાક મા ગાયો ના ટોળા દ્વારા રાત્રી દરમ્યાન નુકસાન કરતા ખેડૂતો ને ઉજગરા કરી પાક બચાવો પડે છે જેને લઈ ને આખરે પ્રાંતિજ સહિત તાલુકાના ખેડૂતો દ્વારા તૈયાર થયેલ પાક મા નુકસાન થતા કાયમી નિકાલ માટે અને તંત્ર દ્વારા યોગ્ય પગલા ભરે તે માટે આજે પ્રાંતિજ મામલતદાર કચેરી ખાતે એકઠા થઈ ને આવ્યા હતા અને મામલતદાર ઓફિસ મા હાજર નાયબ મામલતદાર મુકેશભાઇ પટેલ ને આવેદનપત્ર આપી રજુઆત કરવામા આવી હતી અને તંત્ર તથા સરકાર દ્વારા આ અંગે કાયમી ઝડપી યોગ્ય પગલા ભરવા રજુઆત કરી હતી તો આ પ્રસંગે પટેલ સમીરભાઈ , પટેલ હસમુખભાઇ , મકવાણા જીવણસંગ ,નરેન્દ્ર ભાઇ પટેલ , પાર્થ પટેલ , વિશાલભાઈ પટેલ સહિત ના ખેડૂતો સહિત પ્રાંતિજ તથા તાલુકા માથી ખેડૂતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.